# <u>થોડા હાઈકુ</u>


- ચીમન પટેલ 'ચમન'


દુઃખના આંસુ
ને સુખના આંસુને
રંગ હોય તો?
********

રડે કેમ એ,
આંસું જ ખૂટી ગયા;
પરણી એને!
********

લાઈટો લૉસ-
વેગાસની, રાતને
ગળી જાય છે!
********

હથીયાર જો
લો, તો લો અહિંસાનું;
નહિ હિંસાનું!
********

પ્યાર પત્નીનો
વહેંચાઈ ગયો છે;
પરિવારમાં !
********

દિવો આપે છે
સૌને એનો પ્રકાશ;
રાખી અંધારું !
*******

સૂર્ય આપે છે
જગને એવી શક્તિ
પોતે બળીને!
********

પતંગિયાનો
પ્રેમ પુષ્પને મળ્યો
તો ફળ મળ્યા!
*******

રસ્તે મળતા
મિત્રો  બધા મલકે
દિલથી નહિ !
*******